**રેફરન્સ(આઈ.ટી) નં.૧૫૩/૨૦૧૭**

## <u>આંક–૧૫ની અરજી તળે હુકમ</u>

**૧.** અરજી વંચાણે લીધી, કેસનું રેકર્ડ વંચાણે લીધુ તથા રજુ દસ્તાવેજો વંચાણે લીધા.

**૨.** સદર કેસનું રેકર્ડ વંચાણે લેતા હાલનો રેફરન્સ વર્ષ–૨૦૧૭ નો જણાય છે અને સદર રેફરન્સમાં પ્રથમપક્ષકાર ધ્વારા જવાબ રજુ કર્યા બાદ આંક–૧૫ થી સદર અરજી દાખલ કરી કામદારો જુદા જુદા સ્થળે જુદા જુદા હોદ્દા ઉપર કામ કરતા હોવાથી, કેસો જુદી જુદી અદાલતમાં દાખલ કરવા અને એક જ રેફરન્સમાં બધા કેસો એક સાથે ચાલી શકે તેમ ના હોવાથી હાલનો રેફરન્સ રદ કરી યુનિયને જુદા જુદા કામદારો માટે વ્યકિતગત રેફરન્સ કરવા અથવા જે તે જીલ્લાની ન્યાયીક હકુમતમાં આવતી અદાતલમાં રેફરન્સ કરવા હુકમ કરી આપવા અરજ કરેલ છે. સદર અરજી કર્યા બાદ સદર રેફરન્સમાં બન્ને તરફે ઘણા સમયથી કોઈ હાજર રહેતા નથી અને હાલનો રેફરન્સ ઘણા સમયથી આંક–૧૫ ની સુનાવણી માટે પેન્ડીંગ જણાય છે. સદર રેફરન્સ વર્ષ ૨૦૧૭ નો હોવાથી આજ રોજ કોઈપણ પક્ષકાર હાજર ના હોવા છતા સદર કામ આંક–૧૫ ના હુકમ માટે હાથે ઘરવામાં આવે છે.

**૩.** સદર કેસની હકીકતો વંચાણે લેતા હાલનો રેફરન્સ ઔધોગિક વિવાદ અધિનીયમની કલમ–૧૦ હેઠળ ઉપ સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા તા.૫/૬/૨૦૧૭ ના રોજ કન્સીલેશનમાં સમાધાન ના થતા, સદર ઔધોગિક અદાલતમાં રેફર કરવામાં આવેલ છે. પ્રથમપક્ષકાર ધ્વારા જવાબ રજુ કર્યા બાદ આંક–૧૫ થી રજુ અરજીમાં જણાવેલ કોઈ પણ હકીકત તેઓએ કન્સીલેશન ઓફીસર સમક્ષ જે કન્સીલેશન કેસ નં.૬/૨૦૧૬ ચાલેલ તેમાં રજુ કરેલ નથી અને સદર કન્સીલેશન કેસમાં પ્રથમપક્ષકાર ધ્વારા જે જવાબ રજુ કરવામાં આવેલ

તે મુજબ તમામ ૨૫ કામદારો આઉટ સોર્સીસથી લેવામાં આવેલ હોવાનું અને કોન્ટ્રાકટ બેઝીસ ઉપર લોજેસ્ટીક એન્ડ સપ્લાય સબ કમીટી જે નેશનલ હેલ્થ મીશનની તાબા હેઠળ કામ કરે છે તે દ્વારા કામગીરી પુરી પાડવામાં આવેલ હોવાનું તથા જેટલી જગ્યા ભરવામાં આવેલી તે તમામ નેશનલ રુલર હેલ્થ મીશન હેઠળ થયેલ હોવાનું અને તમામ ખર્ચાઓ અને પગાર નેશનલ હેલ્થ મીશન દ્વારા આપવામાં આવેલ હોવાની હકીકત જણાય છે. વધુમાં કોર્પોરેશન દ્વારા કોઈપણ પેમેન્ટ ચુકવી આપવામાં આવેલ ન હોવાની હકીકત જણાય છે. જેથી પ્રથમપક્ષકાર દ્વારા જે જવાબ કન્સીલેશન ઓફીસ સમક્ષ રજુ કરવામાં આવેલ તે મુજબ હાલના રેફરન્સના તમામ કામદારોની નિયુકતી કોન્ટ્રાકટ બેઝીસ ઉપર લોજેસ્ટીક એન્ડ સપ્લાય સબ કમીટી દ્વારા થયેલ હોવાથી અને સદર રેફન્સ શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા અત્રેની અદાલતમાં રેફર કરેલ હોવાથી સદર રેફરન્સના કામદારો અલગ અલગ રેફરન્સ અલગ અલગ અદાલતોમાં કે અલગ અલગ જિલ્લાઓમાં કરે, તે ન્યાયીક જણાતું નથી. તેથી આંક–૧૫ થી રજુ સદર અરજી મંજુર કરવા ન્યાયીક જણાતું ના હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

**૧.** પ્રથમપક્ષકાર દ્વારા આંક–૧૫ થી રજુ અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Digitally signed by
RAJENDER SINGH
at Kalol
on 10/06/2025 17:34:19 IST.

સ્થળ–: કલોલ
તા.૧૦/૦૬/૨૦૨૫

રાજેન્દ્ર સિંઘ, મેમ્બર,
ઔધોગિક અદાલત,અમદાવાદ.
(કલોલ સીટીંગ)
જજ કોડ નં.જીજે૦૧૦૮૫